## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ – ૩૮૮ ૧૧૦

શ્રી ડી.આર.ચૌહાણ, ખેતી મદદનીશની ડીમ્ડ ડેઈટ આપવા અંગેની રજૂઆત બાબત.

વંચાણે લીધીઃ તા.૨૩-૦૭-૨૦૧૯ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૧મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૫૧.૧૬

### જાહેરનામું

આથી સંબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની, આણંદની તા.૨૩-૦૭-૨૦૧૯ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૧મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૫૧.૧૬થી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

શ્રી ડી.આર.ચૌહાણ, ખેતી મદદનીશ, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ડીમ્ડ ડેઈટની માંગણી કરવામાં આવેલ હતી. સદર માંગણી અન્વયે નિયામક મંડળની ૨૬મી બેઠકમાં આવા કેસ માટે કમિટીનું ગઠન કરવું તેવું નક્કી કરવામાં આવેલ હતું તે અનુસાર શ્રી ડી.આર.ચૌહાણના કેસ માટે પણ કમિટીની રચના કરવામાં આવેલ હતી. જેમાં સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે ડૉ.પી.એમ.વઘાસિયા, બાગાયત નિયામકની નિમણૂંક કરવામાં આવેલ હતી. સદર કમિટીની બેઠક તા.૨૩-૦૭-૨૦૧૯ના રોજ આણંદ ખાતે મળેલ અને તેની કાર્યવાહી નોંધ નિયામક મંડળની બેઠકમાં રજૂ કરવામાં આવેલ. જે અંગે ચર્ચાને અંતે સદર બાબતે કમિટીનો અહેવાલ ગ્રાહ્ય રાખીને નીચે મુજબ ઠરાવવામાં આવેલ હતું.

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ડી.આર.ચૌહાણ, ખેતી મદદનીશને નિમણૂંકની તારીખમાં ડીમ્ડ ડેઈટ આપવા બાબત નિમાયેલી કમિટીના ઉક્ત નિર્ણયને અનુમોદન આપે છે તથા સદર કેસ નિર્ણય લેવા હેતુ રાજ્ય સરકારમાં મોકલી આપવાનું ઠરાવે છે."

જા.નં. આકૃયુ/રજી/એડીએમ.૨/ ૫૯૯૨-૬૦૦૧ /૨૦૧૯,
તા.૧૪-૦૮-૨૦૧૯

( ડો.એમ.એમ.ત્રિવેદી)
કુલસચિવ

<u>નકલ સવિનય રવાનાઃ</u>

(૧) નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ
(૩) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ
(૪) તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ

<u>નકલ રવાનાઃ</u>

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૨) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૩) આ વિભાગની તમામ શાખાઓ તરફ જાણ સારૂ

મુદ્દા નં: ૫૨.૨૬

# આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

એમ.એમ.ત્રિવેદી
કુલસચિવ

ફોન/ફેકસ (ઓ)- ૦૨૬૯૨ -૨૬૧૩૧૦
Visit us : www.aau.in E-mail : registrar@aau.in

નં. ન/રજી/એડીએમ.ર.૧/ ૬૦૦૨ /૨૦૧૯ તા.૯/૮/૨૦૧૯

ઉપ સચિવ અધિકારીશ્રી, (ક.ર)
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
બ્લોક નં.૫, પહેલો માળ, નવા સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

વિષય :- શ્રી ડી.આર.ચૌહાણ, ખેતી મદદનીશની ડિમ્ડ ડેઇટ આપવા બાબતની રજૂઆત અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શ્રી ડી.આર. ચૌહાણ, ખેતી મદદનીશ (અનુસૂચિત જાતિ)ની પ્રથમ નિમણૂંક વેળા તા.૨૯/૦૧/૧૯૯૨થી હાજર થયેલ હતા. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદને તા. ૧૭/૧૨/૨૦૧૮ની રજૂઆત કરતા શ્રી બિપીનચંદ્ર, આર. રાઠવા, ખેતી મદદનીશ (અનુસૂચિત જનજાતિ) અને શ્રી ધનસિંગભાઇ વી.રાઠવા, ખેતી મદદનીશ(અનુસૂચિત જનજાતિ), અનુક્રમે તા.૨૬/૦૭/૧૯૯૦ અને તા.૩૧/૦૭/૧૯૯૦થી દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે હાજર થયેલ હતા. જેઓના ગુણ તેઓ કરતાં ઓછા હોવા છતાં તેઓને પ્રથમ નિમણૂંક મળેલ છે. જેથી શ્રી ડી.આર. ચૌહાણ ધ્વારા ઉકત બંન્ને કર્મચારીઓની નિમણૂંક તારીખથી ડીમ્ડ ડેઇટની માંગણી કરેલ છે.

જે અન્વયે આણંદ કૃષિ યુનિવર્સિટીની નિયામક મંડળની ૨૬ મી બેઠકના મુદ્દા નંબરઃ ૨૬.૧૭(૩)મુજબ બઢતી/ડીમ્ડ ડેઇટ વિગેરે પ્રકારના અધિકારીઓ/કર્મચારીઓના વિસંગતતાના કેસોના નિરાકરણ માટે યુનિવર્સિટી કક્ષાએ પર્સનલ કમિટીની રચના કરેલ હતી. જે ધ્યાને લઇ સરકારશ્રીના પત્ર જા.નં. અકવ-૧૪૨૦૧૯-૬૫૬-ક.ર, તા.૧૪-૦૬-૨૦૧૯થી સરકારશ્રીના પ્રતિનિધિની નિમણૂંક કરેલ હતી. આ પત્રમાં જણાવ્યા અનુસાર ઉકત કમિટી માત્ર ભલામણ જ કરી શકશે અંતિમ નિર્ણય સરકારશ્રીનો રહેશે તેમ જણાવેલ હતું.

પર્સનલ કમિટીની તા.૨૩/૦૭/૨૦૧૯ ની બેઠકમાં શ્રી ડી.આર.ચૌહાણ, ખેતી મદદનીશને ડિમ્ડ ડેઇટ આપવા ભલામણ કરવામાં આવેલ છે. જેની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે. ઉકત બેઠકની કાર્યવાહી નોંધ મુજબ તા. ૨૩/૦૭/૨૦૧૯ની આણંદ કૃષિ યુનિવર્સિટીની નિયામક મંડળની ૫૧ મી બેઠકમાં શ્રી ડી.આર.ચૌહાણ, ખેતી મદદનીશને નિમણૂંકની તારીખમાં ડીમ્ડ ડેઇટ આપવા બાબત નિમાયેલી કમિટીના નિર્ણયને અનુમોદન આપી અને સદરહું કેસ નિર્ણય અર્થે રાજય સરકારમાં મોકલી આપવાનું ઠરાવેલ છે. નિયામક મંડળની ૫૧ મી બેઠક કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે.

ઉકત બાબતે શ્રી ડી.આર. ચૌહાણ, ખેતી મદદનીશને ડીમ્ડ ડેઇટ આપવાના નિર્ણય અર્થે તેમની દરખાસ્ત ડીમ્ડ ડેઇટ અંગેના સરકારશ્રીના નિયમોનુસાર આગળની કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

કુલસચિવ

સામેલ:
(૧) દરખાસ્ત પત્રક
(૨) કમીટીની કાર્યવાહી નોંધ
(૩) બોર્ડની મીનીટ્સ

## દરખાસ્ત પત્રક

શ્રી ડી.આર. ચૌહાણ, ખેતી મદદનીશ (કેટેગરીઃ અનુસૂચિત જાતિ), કાર્યમથકઃ સણસોલી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની ખેતી મદદનીશ સંવર્ગમાં નિમણૂકની તારીખ અગાઉની તારીખે ડીમ્ડ ડેઇટ મેળવવા બાબતેની વિગતોઃ

| | | | |
|---|---|---|---|
| (૧) | કર્મચારીનું નામ અને હોદ્દો | : | શ્રી ડી.આર. ચૌહાણ, ખેતી મદદનીશ |
| (૨) | કચેરીનું નામ | : | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી-નેનપુર. |
| (3) | સંવર્ગ | : | વર્ગ-૩ |
| (૪) | પગાર ધોરણ | : | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૨૦૦ |
| (૫) | પ્રથમ નિમણૂંકની તારીખ | : | તા. ૨૯/૦૧/૧૯૯૧ |
| (૬) | મુખ્ય માંગણી | : | શ્રી ડી.આર. ચૌહાણ, ખેતી મદદનીશ તરીકે અનુસૂચિત જાતિ કેટેગરીમાં તત્કાલિન ગુજરાત કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર દ્વારા પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામી આણંદ ઝોન ખાતે ફાળવાતા તા.૨૯-૧-૧૯૯૧ના રોજ પ્રથમ નિમણૂંક મેળવી હાજર થયેલ હતા. જે તે સમય અનુસુચિત જનજાતિ કેટેગરીના ઉમેદવારો શ્રી બીપીનચંદ્ર આર. રાઠવા, અને શ્રી ધનસીંગભાઇ વી. રાઠવા જેઓ પણ ઉક્ત પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ. તેઓ અનુક્રમે તા. ૨૬/૦૭/૧૯૯૦ અને તા.૩૧/૦૭/૧૯૯૦ના રોજ સરદાર કૃષિનગર (દાંતીવાડા) ખાતે હાજર થયેલ હતા.<br>જેઓના ગુણ અરજદારશ્રી ડી.આર. ચૌહાણે મેળવેલ ગુણ કરતા ઓછા હોઇ તેમ છતાં વહેલી નિમણૂંક પામ્યા હોય શ્રી ચૌહાણએ આ બન્ને ઉમેદવારોના નિમણૂંક/હાજર થયાની તારીખ મુજબ પોતાને પણ તે તારીખથી નિમણૂંકમાં ડીમ્ડ ડેઇટ આપવા રજૂઆત કરેલ છે. |
| (૭) | આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા થયલ કાર્યવાહી. | : | કર્મચારી/અધિકારીઓના ડીમ્ડ ડેઇટ કે તે પ્રકારની વિસંગતતાઓ અંગે નિયામક મંડળની ૨૬મી બેઠકના મુદ્દા નં. ૨૬.૧૭(૩) થી ઠરાવ્યા પ્રમાણે કમીટી બનાવી આવા કેસ રજૂ કરવા ઠરાવેલ. જે અનુસંધાને શ્રી ચૌહાણના કેસમાં પણ કમીટી બનાવેલ. જેમાં રાજ્ય સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે ડો.પી.એમ.વઘાસીયા, બાગાયત નિયામકશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે. આ કમીટી ફક્ત ભલામણ કરી શકશે. પરંતુ અંતિમ નિર્ણય રાજ્ય સરકાર કરશે તેવી શરત રાજ્ય સરકારશ્રીના પત્ર ક્રમાંકઃઅકવ-૧૪૨૦૧૯-૬૫૬-ક.૨, તા.૧૪-૦૬-૨૦૧૯માં જણાવેલ હતી. સદર કમીટીની બેઠક તા. ૨૩/૦૭/૨૦૧૯ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સવારે ૯-૩૦ કલાકે મળેલ અને કેસની ચર્ચા કરેલ. જેની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.<br>વધુમાં તા.૨૩/૦૭/૨૦૧૯ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૧મી બેઠકના અધ્યક્ષસ્થાનેથી આ બાબત મુદ્દા નં. ૫૧.૧૬ ચર્ચામાં લઇ ઉક્ત કમીટીની કાર્યવાહી નોંધ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી. નિયામક મંડળની બેઠકની સંદર્ભિત કાર્યનોંધ પણ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. |

ઉક્ત સઘળી અને સાધનિક કાગળો/દસ્તાવેજો ધ્યાને લઇ શ્રી ડી.આર. ચૌહાણ, ખેતી મદદનીશની નિમણૂંકની તારીખે ડીમ્ડ ડેઇટ મેળવવાની દરખાસ્ત આ અંગે સરકારશ્રીના નિયમોનુસાર આગળની ઘટતી કાર્યવાહી અર્થે રાજ્ય સરકારશ્રીને મોકલી આપવામાં આવે છે. જે અંગે નિર્ણય લઇ અત્રે જાણ કરવા વિનંતી છે. જેથી તે મુજબ આગળની કાર્યવાહી થઇ શકે.